**આંક–૧૪**

**શ્રી એસ. ડબલ્યુ.વાઘ, એકસ ઓફીસીઓ કમિશ્નર ફોર ધી વ.કો.એકટ,**
**લેબર કોર્ટ, સુરત સમક્ષ.**

**વ.કો.(નોનફેટલ) અરજી નં.૯/૨૦૧૭**

**અરજદાર :** શ્રી સોપલીન વિલાસ પાટીલ,
રહે.૩૧૦,ઓમસાંઈ રેસીડન્સી,રતન ચોક,
નવા નગર,લીંબાયત,સુરત.

**વિરૂઘ્ઘ.**

**સામાવાળા:**
૧. શ્રીનાથ ડીઝાઈનર,
૨. સ્વયમ બ્રોકેટ કટીંગ,
૩. શેઠ શ્રી વિનોદભાઈ ખોઈવાલા,સામા.નં. ૧, ૨ નામાલિક.
૪. શેઠ શ્રી મનીષભાઈ ખોઈવાલા,સામા.નં.૧, ૨ ના માલિક.
૫. શેઠ શ્રી કૈલાસભાઈ,સામા.નં. ૧ અને ૨ ના માલિક.
ઠે. ૧૯૪–૧૯૫,મહાપ્રભુ નગર,લિંબાયત,સુરત.

**હાજર રહયા :** અરજદાર તરફે :– વિ.પ્ર.શ્રી રવિભાઈ ચૌધરી
સામાવાળાઓ તરફે :– કોઈ હાજર નથી.

**– : <u>ચુકાદો</u> : –**

સદર કામના અરજદારે આ કામના ઉકત સામાવાળા વિરૂઘ્ઘ કામદાર વળતર ધારો ૧૯૨૩ અન્વયે અકસ્માત ઈજા વળતરની રકમ રૂા.૪,૦૦,૦૦૦/–વ્યાજ તથા પેનલ્ટી સહીત મેળવવા માટે હાલની અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓ સામાવાળા સંસ્થામાં છેલ્લા એક વર્ષ ઉપરાંતથી રોલ પોલીસ મશીન ઓપરેટર ઉપર માસીક રૂા.૮,૦૦૦/–

પગારથી ખંત અને પ્રમાણિકપણે ફરજ બજાવતા હતા. ચુકવવામાં આવતો હતો. સામાવાળા તેઓને હાજરી કાર્ડ,પગારચિઠ્ઠી,હકકરજા કાર્ડ, ઓળખ પત્ર વિગરે સાહીત્ય આપતા ન હતા. તા.૧૦/૦૮/૨૦૧૬ના રોજ અરજદાર ફરજ પર હાજર થઈ કામગીરી કરતા હતા ત્યારે બપોરના ૧–૦૦કલાકે રોલ પોલીસ મશીનમાં અરજદારનો જમણો હાથ આવી જતાં જમણા હાથમાં ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ અને અરજદાર બેભાન થઈ જતાં મશીનની નીચ પડી જતાં અરજદારને તાત્કાલિક સારવાર માટે આદિત્ય સર્જીકલ હોસ્પટલ, પરવત પાટીયા,સુરત ખાતે લઈ ગયેલ અને ત્યાં સારવાર ચાલુ કરતા માલિક શ્રી મનીષભાઈએ તેઓને આસ્થા સર્જીકલ હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવેલ અને અને અરજદારની જમણા હાથની તમામ આંગળીઓનું ઓપરેશન કરી પ્લાસ્ટીક સર્જરી કરવામાં આવેલ અને બે માસ સુધી ડ્રેસીંગ કરાવેલ. અરજદારને સર્જીકલ હોસ્પીટલમાં સારી સારવાર મળેલ નથી આથી તેઓનો જમણા હાથથીકોઈ પણ પ્રકારનું કામ થઈ શકે તેમ નથી અને તેઓ સંપૂર્ણ અશકત થઈ ગયેલ છે. અરજદાર તરફે અકસ્માતની જાણ લીંબાયત પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ પરંતુ હોસ્પીટલ તરફથી પંચનામું કરવામાં આવેલ નથી અને સારવાર દરમ્યાનના પેપરોની માંગણી કરતા આપેલ નથી. અકસ્માત સમયે અરજદારની ઉંમર ૧૯ વર્ષની હતી અને માસીક પગાર રૂા.૮,૦૦૦/–જેટલો મળતો હતો આથી અરજદારને અકસ્માત વળતરની રકમ રૂા.૪,૦૦,૦૦૦/–ચુકવવા સામાવાળા જવાબદાર થયેલ છે. અરજદારની જમણા

હાથની પુરેપુરી શકિત ગુમાવી છે જેથી અરજદાર કોઈ પણ પ્રકારનું કામ કરી શકે તે ન હોય,૫૦%ની કાયમી નૂકશાની થયેલ છે. મજકુર ઈજા સામાવાળાને ત્યાં કામના સમય દરમ્યાન થયેલ હોય, સામાવાળા અરજદારને વળતર ચુકવી આપવા જવાબદાર થયેલ છે. સામાવાળાએ વળતરની રકમ જમા કરાવેલ ન હોય સામાવાળા વ્યાજ, પેનલ્ટી સહીત ચુકવવા જવાબદાર થયેલ છે. આથી કામદાર વળતર ધારાની જોગવાઈ મુજબ સામાવાળા વળતરના રુા.૪,૦૦,૦૦૦/- ચુકવી આપવા જવાબદાર થયેલ છે.તેથી અરજદારે, સામાવાળા પાસેથી વળતરની રકમ રુા.૪,૦૦,૦૦૦/- અકસ્માત તારીખથી ૧૨%ના ચઢતા વ્યાજ તથા ૫૦% પેનલ્ટીની રકમ સહીત વસુલ મેળવવાની દાદ માંગી છે.

૩. સદર અરજીની સામાવાળાઓને નોટીસ કાઢવામાં આવેલ અને ત્યારબાદ સામાવાળા તરફે કોઈ કાર્યવાહી થયેલ ન હોય,અરજદારની આંક-૭ ની અરજી પર વિગતવારનો હુકમ કરવામાં આવેલ છે.

૪. આ કામે અરજદાર તરફે આંક-૩ તથા આંક-૯થી મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે સામાવાળાઓ તરફેકોઈ પુરાવો રજુ થયેલ નથી.

| અ.નં | દસ્તાવેજી વિગત | તારીખ | આંક/નિ. |
|---|---|---|---|
| ૧. | સામાવાળાની સંસ્થામાં ચાલુ ફરજ દરમ્યાન થયેલ અકસ્માત બાબતે પોલીસ કમિશ્નરને કરેલ ફરીયાદની મળેલ રસીદની ઝેરોક્ષ નકલ | ૧૬/૦૧/૧૭ | ૩/૧ |
| ૨. | ચાલુ ફરજ દરમ્યાન થયેલ અકસ્માત બાબતે પોલીસ કમિશ્નરને કરેલ ફરીયાદની નકલ | ૧૬/૦૧/૧૭ | ૩/૨ |
| ૩. | ડીસએબીલીટી સર્ટીફીકેટ ઓરીજીનલ | - | ૯/૩ |

| | | | |
|---|---|---|---|
| ૪. | સંસ્થાના કંપનીના વીઝીટીંગ કાર્ડ નામ–સરનામાવાળા ઓરીજીનલ. | – | ૯/૪ |

પ. આ કામમાં અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં આંક–૧૦ થી એફીડેવીટઉપર જુબાની રજુ થયેલ છે. જયારે સામાવાળા તરફે કોઈ હાજર રહેલ નથી કે મુદત રિપોર્ટ નથી. ઉપરોકત અકસ્માત બાબતે સામાવાળાને જાણ હોવા છતાં તેમજ પુરતી તક મળવા છતાં સામાવાળા તરફે જવાબ રજુ કરેલ ન હોય, આંક–૭ થી સામાવાળાનો જવાબ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળાને અનેક તકો આપવામાં આવેલ તેમ છતાં સામાવાળા તરફે અદાલતમાં હાજર રહેલ ન હોય, આંક–૧૧ થી સામાવાળાનો ઉલટતપાસ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૧ર થી પોતાનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે. જયારે સામાવાળાને નોટીસ બજાવવા છતાં હાજર નહીં હોવાથી પુરાવાનો હક આંક–૧૩ થી બંધ કરવામાં આવેલ છે.

૬. ત્યારબાદ સદર કામ દલીલ પર રાખવામાં આવતાં બંન્ને પક્ષકારો તરફે દલીલ માટે હાજર રહેલ ન હોય, આંક–૧ની અરજી પર હુકમ કરી બંન્ને પક્ષકારોનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. આ કામે પક્ષ્માકાહરો તરફેદલીલ થયેલ નથી પરંતુ કેસનું રેકર્ડ,રજુ થયેલ પુરાવાઓ ઘ્યાને લઈ આ કામનો ન્યાય–નિર્ણય ન્યાયના હીતમાં કરવામાં આવેલ છે.

૭. આ કામમાં આંક–૮ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

**મુદ્દાઓ :–**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે તેઓ અને સામાવાળા નં.–૧ અને ૨ વચ્ચે કામદાર માલિકના સંબંધો અકસ્માત સમયે પ્રસ્થાપિત હતા ?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે તેઓને નોકરી અને ફરજ દરમ્યાન અને નોકરીમાંથી ઉપસ્થિત થતા સંજોગોને કારણે ઈજાઓ થયેલ છે ?

(૩) શું અરજદાર એવું પુરવાર કરે છે કે અકસ્માતના કારણે થયેલ ઈજાને કારણે તેઓને કાયમી કે આંશિક ખોડ રહેલ છે.?

(૪) અકસ્માત સમયે કામદારની ઉંમર તેમજ માસીક પગાર કેટલો હતો ?

(૫) શું અરજદાર અરજીમાં માંગ્યા મુજબની વળતરની રકમ વ્યાજ અને દંડ સહીત મેળવવા હકકદાર થાય છે કે કેમ?

(૬) સામાવાળાઓની જવાબદારી શું થાય છે ?

(૭) શું હુકમ કરવો જોઈએ.?

૮. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણયો :–</u>**

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) અકસ્માત સમયે ઉંમર વર્ષ ૨૧ અને રૂા.૮,૦૦૦/– માસીક પગાર

(૪) અંશત: હકારમાં

(૫) આખરી હુકમ મુજબ

**(૯) <u>કારણો :–</u>**

**<u>મુદ્દા નં. ૧ અને ૨ :–</u>**

હાલના કામે સમગ્ર રેકર્ડ અને રજુઆત ધ્યાને લેતાં આ કામના અરજદાર, તે સામાવાળા સંસ્થામાં છેલ્લા એક વર્ષ ઉપરાંતથી રોલ પોલીસ મશીન ઓપરેટર ઉપર માસીક રૂા.૮,૦૦૦/– પગારથી ખંત અને પ્રમાણિકપણે ફરજ બજાવતા હતા. ચુકવવામાં આવતો હતો. તા.૧૦/૦૮/૨૦૧૬ના રોજ અરજદાર ફરજ પર હાજર થઈ કામગીરી કરતા હતા ત્યારે બપોરના ૧–૦૦કલાકે રોલ પોલીસ મશીનમાં અરજદારનો જમણો હાથ આવી જતાં જમણા હાથમાં ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ અને અરજદાર બેભાન થઈ જતાં મશીનની નીચે પડી જતાં  અરજદારને તાત્કાલિક સારવાર માટે આદિત્ય સર્જીકલ હોસ્પટલ, પરવત પાટીયા,સુરત ખાતે લઈ ગયેલ અને ત્યાં સારવાર ચાલુ કરતા માલિક શ્રી મનીષભાઈએ તેઓને આસ્થા સર્જીકલ હોસ્પિટલ ખાતે સારવાર  માટે દાખલ કરવામાં આવેલ અને અને અરજદારની જમણા હાથની તમામ આંગળીઓનું ઓપરેશન કરી પ્લાસ્ટીક સર્જરી કરવામાં આવેલ અને બે માસ સુધી ડ્રેસીંગ

કરાવેલ. અરજદારને સર્જીકલ હોસ્પીટલમાં સારી સારવાર મળેલ નથી આથી તેઓનો જમણા હાથથી કોઈ પણ પ્રકારનું કામ થઈ શકે તેમ નથી અને તેઓ સંપૂર્ણ અશકત થઈ ગયેલ છે. અરજદારને ચાલુ નોકરીની ફરજ દરમ્યાન અકસ્માત થયેલ હોય અને આ અકસ્માતમાં અરજદારને ઈજા થવાથી કાયમી ખોડ આવેલ હોવાથી કામદાર વળતર ધારા હેઠળ સામાવાળા, અરજદારને વળતર ચુકવી આપવા જવાબદાર થયેલ છે. અરજદારના આ કથનને અરજદારે પોતાના આંક–૧૦ ના સોગંદ ઉપરના પુરાવાથી સમર્થન આપેલ છે. જયારે આ કામે સામાવાળાને નોટીસ બજાવવામાં આવેલ હોવા છતાં અત્રે હાજર થયેલ નથી કે વાંધાજવાબ રજુ કરેલ નથી કે અરજદારના કથનને પડકારેલ નથી કે અરજદારની ઉલટતપાસ કરેલ નથી. આમ અરજદારના સોગંદ ઉપરના પુરાવાને નહીં માનવાને કોઈ કારણ નથી.

હાલના કામે અરજદારનું કથન છે કે, અરજદારને સામાવાળાને ત્યાં ચાલુ નોકરી અને ફરજ દરમ્યાન અકસ્માત થતાં, અકસ્માતને કારણે થયેલ ઈજાના કારણે શારિરીક આંશિક ખોડ આવેલ છે. આ કથનને સામાવાળા ઘ્વારા પડકારવામાં આવેલ ન હોય વિરુઘ્ધના અનુમાનથી તેમજ સામાવાળા સામે ખોટો કેસ કરવા બાબતે પણ કોઈ ન્યાયીક કે વ્યાજબી કારણ ન હોય અનુમાન કરવામાં આવે છે કે, અરજદાર તે સામાવાળાના કામદાર હતા અને તેને સામાવાળાને ત્યાં ચાલુ નોકરી અને ફરજ દરમ્યાન નોકરીમાંથી

ઉપસ્થિત થતાં અકસ્માતને કારણે ઈજા થયેલ છે, જેથી મુદ્દા નં.૧ અને ૨ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૩ અને ૪:–</u>**

અરજદારે તેઓની આંક–૧ની અરજી તથા આંક–૧૦ ની એફીડેવીટ ઉપરની જુબાનમાં માં જણાવેલ છે કે, તા.૧૦/૦૮/૨૦૧૬ ના રોજ પોતાની ફરજ બજાવતા હતા ત્યારે બપોરના ૧–૦૦કલાકે રોલ પોલીસ મશીનમાં અરજદારનો જમણો હાથ આવી જતાં જમણા હાથમાં ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ અને અરજદાર બેભાન થઈ જતાં મશીનની નીચે પડી જતાં અરજદારને તાત્કાલિક સારવાર માટે આદિત્ય સર્જીકલ હોસ્પટલ, પરવત પાટીયા,સુરત ખાતે લઈ ગયેલ અને ત્યાં સારવાર ચાલુ કરતા માલિક શ્રી મનીષભાઈએ તેઓને આસ્થા સર્જીકલ હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવેલ અને અને અરજદારની જમણા હાથની તમામ આંગળીઓનું ઓપરેશન કરી પ્લાસ્ટીક સર્જરી કરવામાં આવેલ અને બે માસ સુધી ડ્રેસીંગ કરાવેલ. અરજદારને સર્જીકલ હોસ્પીટલમાં સારી સારવાર મળેલ નથી આથી તેઓનો જમણા હાથથી કોઈ પણ પ્રકારનું કામ થઈ શકે તેમ નથી અને તેઓ સંપૂર્ણ અશકત થઈ ગયેલ છે.સદર અકસ્માતથી અરજદારને જમણા હાથે કાયમી સ્વરૂપની અશકિત થઈ ગયેલને કાયમી ખોડ રહી ગયેલ હોવાથી અરજદાર પહેલા જેવું કામ કરી શકતા નથી અને ૫૦% નૂકશાની થયેલ છે.

આ કામે આંક :૧ ની અરજીમાં  અરજદારે પોતાની ઉંમર ૧૯ વર્ષ અને પોતાનો માસીક પગાર રૂા. ૮,૦૦૦/–દર્શાવેલ છે. જયારે આકં:૧૦ થી રજુ થયેલ પુરાવાની એફીડેવીટમાં અરજદારનો પોતાનો માસીક પગાર રૂા.૧૦,૦૦૦/–જેટલો હોવાનું અને ઉંમર અંગે કોઈ હકિકત  જણાવેલ  નથી. અરજદાર તરફે આંક–૯ નિ. ૯/૩થી રજુ ગાંધી ઓર્થો કેર એન્ડ ફીઝીયોથેરાપી હોસ્પીટલ, સુરતના સર્ટિફિકેટમાં અરજદારની ઉમંર આશરે ૨૧ વર્ષની દર્શાવેલ છે. આ કામનું અકસ્માત તા.૧૦/૦૮/૨૦૧૬ ના રોજ થયેલ છે. અરજદારે આ કામે પોતાની ઉંમર સંબંધી કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી, પરંતુ રેકર્ડ ઉપરની હકીકતે અરજદારની અકસ્માત સમયેની ઉમંર ૨૧ વર્ષ હોવાનું જણાય આવે છે. અને અરજદારનો માસીક પગાર રૂા.૮,૦૦૦/– હોવાનું દર્શાવેલ છે પરંતુ અરજદાર તરફે પગાર સંબંધી કોઈ દસ્તાવેજી આધાર પુરાવા આ કામે રજુ કરેલા નથી. વધુમાં સરકારશ્રીના શ્રમ અનેરોજગાર વિભાગ ઘ્વારા અનસ્કીલ્ડ કામદાર માટે પ્રસિઘ્ધ થયેલ દૈનિક ભથ્થું રૂા.૨૭૬/–દર્શાવેલ છે જે અંગેની જયુડીશીયલ નોટીસ પણ લેવામાં આવેલ છે તે ઘ્યાને લેતાં અરજદારનો અકસ્માત સમયે માસીક પગાર રૂા.૮,૦૦૦/–હોવાનું ઠરાવવામાં આવે છે. સામાવાળાએ અરજદારની કોઈ ઉલટતપાસ કરેલી નથી. જે તમામ સંજોગોમાં મુદ્દા નં. ૩ અને ૪ અંગેનો નિર્ણય હકારાત્મક રીતના આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૫ અને ૬:–</u>**

મારી સમક્ષના કેસની હકીકતે અરજદારે આ કામેના સામાવાળા ઉપર ધી કામદાર વળતર અધિનિયમ હેઠળ અકસ્માત વળતરની રકમ, ખર્ચ,પેનલ્ટી સહિત વસુલ મેળવવા હાલની અરજી ગુજારેલ છે. આંક : ૧૦ થી રજુ અરજદારની પુરાવાની એફીડેવીટ વંચાણે લેતાં અરજદારની અરજીને સમર્થન પ્રાપ્ત થાય છે. આ કામના અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલીકના સંબંધો હોવાનું ફલીત થાય છે. વધુમાં આ કામનો અકસ્માત અરજદાર સામાવાળાને ત્યાંની નોકરી કરતા હતા તે સમયે અને નોકરીની ફરજ દરમિયાન થયેલ હોવાનું ફલીત થાય છે. આ કામના સામવાળાઓએ હાલની અરજી ઉપર પોતાનો કોઈ લેખિત જવાબ રજુ કરેલો નથી. અરજદારની આંક : ૧૦ થી રજુ પુરાવાની એફીડેવીટ અનચેલેન્જ છે. અરજદારની તા. ૧૦/૦૮/૨૦૧૬ ના રોજ પોતાને નોકરીની ફરજ દરમ્યાન રોલપોલીસ મશીનમાં જમણો હાથ આવી જતા અકસ્માત થયેલ. જેના કારણે અરજદારને રેકર્ડ ઉપર રજુ આંક–૯ નિ. ૯/૩ના સર્ટીફીકેટમાં જણાવ્યા મુજબ જમણા હાથમાં ૫૦% કાયમી ખોડ આવેલ હોવાનું જણાય આવે છે.અરજદારનો માસીક પગાર રૂા.૮,૦૦૦/–અને અકસ્માત સમયે ઉંમર ૨૧ વર્ષ હોવાનું ફલીત થાય છે.જે સંજોગોમાં ધી વ.કો. એકટ ૧૯૨૩ હેઠળની કલમ ૪(૧)(બી) હેઠળ અરજદારની માસીક પગાર રૂા. ૮,૦૦૦/–હોય જેને ૬૦ % લેખે ગણતાં રૂા. ૪,૮૦૦/– થાય અને અરજદારની ઉમંર ૨૧ વર્ષ હોય જેથી ફેકટર્સ ૨૨૨.૭૧ આવે છે, જેને રૂા. ૪,૮૦૦/–સાથે ગુણતાં રૂા.૧૦,૬૯,૦૦૮/– થાય છે. આ

કેસમાં અરજદારને ૫૦% કાયમી ખોડ આવેલ હોય જેથી અરજદાર સામાવાળાઓ પાસેથી રૂા. ૫,૩૪,૫૦૪/-(અંકે રૂપિયા પાંચ લાખ ચોત્રીસ હજાર પાચસો ચાર પુરા) અકસ્માત વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે.

આ કામે સામાવાળાઓ ધી વ.કો. હેઠળ નિયત સમય મર્યાદામાં અરજદારને થયેલ અકસ્માત અંગે વળતરની કોઈ રકમ જમા કરાવેલ ન હોય જેથી ધી વ.કો.એકટ હેઠળ સામાવાળાઓ ૫૦ % લેખે ઉપરોકત વળતરની રકમ ઉપર રૂા. ૨,૬૭,૨૫૨/-(અંકે રૂપિયા બે લાખ સડસઠ હજાર બસો બાવન પુરા) પેનલ્ટી અંગેની રકમ ચુકવવા જવાબદાર ઠરે છે. આ કામના અરજદાર સામાવાળાઓ પાસેથી નામદાર સુપ્રીમ કોર્ટના વેદ પ્રકાશ ગર્ગ વિ. પ્રેમીદેવી ૧૯૯૭ CLR પાના નં. ૯૩૮ના પ્રસ્થાપિત ચુકાદા મુજબ ઉપરોકત વળતરની રકમ ઉપર અકસ્માતની તારીખથી તે રકમ નામદાર કોર્ટમાં જમા કરાવે ત્યાં સુધી ૧૨% લેખે સાદુ વ્યાજ મેળવવા પણ હકકદાર થાય છે. જે તમામ સંજોગોમાં મુદ્દા નં. ૫ અને ૬ અંગેનો નિર્ણય તે મુજબ આપી મુદ્દા નં. ૭ પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**: હુકમ:**

૧. અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળાઓને આથી હુકમ કરવામાં આવે છે કે, તેઓએ અરજદારને અકસ્માત વળતરની રકમ **રૂા. ૫,૩૪,૫૦૪/-(અંકે રૂપિયા પાંચ લાખ ચોત્રીસ હજાર પાચસો ચાર પુરા)** ચુકવવા માટે આ

હુકમ મળ્યેથી દિન–૩૦ માં અકસ્માતની તારીખથી વળતરની રકમ નામદાર કોર્ટમાં જમા કરાવવા. અને જો નામ.કોર્ટમા નિયત સમય મર્યાદામાં વળતરની રકમ જમા કરાવવામાં નહિં આવે તો અરજદાર ૧૨ % સાદા વ્યાજ સહિત વળતરની રકમ સામાવાળા પાસેથી મેળવવા હકકદાર થશે જે રકમ કોર્ટમાં જમા લેવાશે.

૩. વધુમાં આ કામના ઉપરોકત સામાવાળાઓને આથી હુકમ કરવામાં આવે છે કે, તેઓએ અરજદારને નિયત સમયમર્યાદામાં વળતરની રકમ ચુકવેલ ન હોઈ જેથી ધી વ.કો. એકટની કલમ ૪(એ) (બી) હેઠળ વળતરની રકમના ૫૦ % લેખે પેનલ્ટી અંગેના રૂા.**૨,૬૭,૨૫૨/–(અંકે રૂપિયા બે લાખ સડસઠ હજાર બસો બાવન પુરા)** અરજદારને ચુકવી આપવા માટે આ હુકમ મળ્યેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં જમા કરાવવા.

૪. સામાવાળાઓએ અરજદારોને આ અરજીના ખર્ચના **રૂા.૫,૦૦૦/**– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ચુકવી આપવા.

હુકમની જાણ પક્ષકારોને કરવી.

સુરત.
તા. ૦૭/૦૭/૨૦૨૧

**(સુનિલ વામન વાઘ)**
એકસ ઓફીસીઓ કમિશ્નર ફોર ધી
વ.કો. એકટ,લેબર કોર્ટ, સુરત.
U.I.C.NO.GJ01258